# 2

## સુરેન્દ્રનગર જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર

* 15/3/556 **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સબ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૮૭ સબ સેન્ટર અને ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

૧. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
૨. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય–સંભાળ સેવાઓ.
૩. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય–સંભાળ સેવાઓ.
૪. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
૫. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન.
૬. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
૭. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
૮. સામાન્યતઃ જોવા મળતી આંખની બિમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
૯. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
૧૦. વૃધ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
૧૧. ઈમર્જન્સી તબીબી સેવાઓ.
૧૨. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

––––––––––––––––––